યુ.કે.થી ગાંધીનગર આવેલા ૧૦ યાત્રીના કોરોના રિપોર્ટ નેગેટીવ

રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં યુ.કે.થી આવેલા ૧૫ લોકો પૈકી ૧૦ લોકોના કોરોના ટેસ્ટ માટે નમૂના લેવામાં આવ્યા હતા અને તે બધાના જ રિપોર્ટ નેગેટીવ આવ્યા છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ પંદર યાત્રીઓ પૈકી ૫ યાત્રી ૮મી પહેલા આવ્યા હતા.

જિલ્લાતંત્ર દ્વારા આજે ૧૦ યાત્રીના રિપોર્ટ નેગેટીવ આવતાં હાશકારો અનુભવ્યો છે. જિલ્લામાં કોરોનાની ગતિ પણ ધીમી પડી હોવાનો તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે.

શહેરમાં ઠંડીનુ જોર ઘટતા નગરજનોને રાહત : લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડીગ્રી

સવારે વાદળિયા વાતાવરણ બાદ બપોરે હળવી ગરમીનો અહેસાસ : સાંજ ઢળતા ઠંડક પ્રવર્તી

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનુ જોર ઘટતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો છે. આજે સવારે અચાનક જ વાદળિયા વાતાવરણના લીધે આકાશી નઝારો નિખર્યો હતો. જયારે સવારની ગુલાબી ઠંડકના અંતે બપોરે નગરજનોએ હળવી ગરમી અનુભવી હતી આજે લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી જયારે મહત્તમ તાપમાન પણ ૨૮.૫ ડીગ્રી રહ્ય હતુ ગત દિવસોમાં ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં પહોંચી ગયો હતો જયારે બે દિવસથી ઠંડીનુ જોર ઘટયુ છે.

ગાંધીનગરમાં બે દિવસ અગાઉ રેકર્ડ બ્રેક ઠંડી નોંધાયા બાદ હવે ધીમે ધીમે ઠંડીનો પારો નીચે ઉતરી રહ્યો છે. ઠંડીનુ પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચુ આવ્યુ હતુ. અલબત્ત ઠંડીના પારો સિંગ્લ ડિઝીટમાંથી હવે ૧૬.૫ ડીગ્રી પહોંચી ગયો છે. કોલ્ડવેવમાં રાહત થતા નગરજનોએ પણ આકરી ઠંડીમાં રાહત અનુભવી છે. મહત્તમ તાપમાન પણ છેલ્લા બે દિવસથી ૨૮ થી ૨૯ ડીગ્રી વચ્ચે સ્થિત થયુ છે. ગત બે ચાર દિવસોમાં ઠંડીનો પારો ગગડીને સિંગ્લ ડીઝીટમાં પહોંચી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૭.૫ ડીગ્રી સુધી નીચે ઉતરી જતા સમગ્ર શહેરને આકરી ઠંડીએ બાનમાં લીધુ હતુ.

જયારે ઠંડીનુ જોર ધીમે ધીમે ઘટતા ગઈકાલે પણ લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે આજે ઠંડીનુ પ્રમાણ નહીંવત અનુભવાયુ હતુ. ઠંડીનો પારો ૧૬.૫ ડીગ્રીએ પહોંચ્યો હતો જયારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રીની આસપાસ રહેતા નગરજનોએ દિવસે હળવી ગરમીનો અહેસાસ કર્યો હતો. ઠંડીની મોસમનો મિજાજ વારંવાર બદલાય છે. જયારે ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે આજે સવારથી જ આકાશી નઝારો પણ બદલાયો હતો. સવારના સમયે વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જો કે બપોર થતા આકાશમાંથી વાદળો વિખેરાય જતા તડકો નિખર્યો હતો.

ગત ચાર પાંચ દિવસમાં ઠંડી આક્રમક બનતા શહેરનુ જનજીવન કોલ્ડવેવની અસરથી પ્રભાવિત થયુ હતુ જો કે અસહ્ય બનેલી ઠંડીનો મિજાજ આખરે હળવો પડતા નગરજનો પણ ઠંડીમાં થોડી રાહત અનુભવી રહ્યા છે. ઠંડીનુ જોર અડધુ ઘટી ગયુ છે. જયારે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ ઓછો થયો છે.

શહેરમાં અત્યાર સુધીમાં માસ્ક ન પહેરનારાઓ પાસેથી બે કરોડ ૫ લાખથી વધુનો દંડ વસુલાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં માસ્ક નહિ પહેરવા બદલ અત્યાર સુધીમાં રૂ. બે કરોડ ૫ લાખથી વધુનો દંડ મનપા અને પોલીસતંત્ર દ્વારા વસુલવામાં આવ્યો છે. મનપા દ્વારા ૧ હજાર લોકો સામે અને પોલીસ દ્વારા ૫૭,૯૦૧ લોકો પાસેથી આ દંડ વસુલવામાં આવ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે એક જ દિવસમાં રૂ. ૨૫ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે. જેમાં પોલીસ દ્વારા ૨૪ વ્યક્તીઓ પાસેથી તો મનપાની ટીમ દ્વારા ૧ વ્યક્તી પાસેથી આ દંડ વસુલવામાં આવ્યો છે. માસ્ક નહિ પહેરનારાઓ પાસેથી રૂ. ૧ હજારનો દંડ વસુલવામાં આવી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો ૩ હજારના આંકને પાર કરી ગયા છે અને તંત્રએ આ મુદ્દે કડક વલણ અખત્યાર કરેલ છે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે સર્વે કરવાની અનિવાર્યતા

સે-૧૭ અને ૧૯ ઉપરાંત સે-૨૭ થી ૩૦માં પણ માર્ગ સુધારણાના કામોનુ આયોજન કરી દેવાયુ છે ત્યારે અન્ય સેકટરોમાં બાકી રહેતા કામો હાથ ધરવા સેકટરવાસીઓની માંગણી

ગાંધીનગર તા ૨

શહેરના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. અગાઉ સે-૬ થી ૮ માં બાકી રહેતા માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા હતા જયારે આગામી દિવસોમાં સે-૨૭ થી ૩૦ માં પણ માર્ગોનુ કામ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે અન્ય સેકટરોમાં પણ માર્ગ સુધારણાની બાકી રહેતી કામગીરી અન્વયે સર્વે હાથ ધરી યોગ્ય આયોજન કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

શહેરમાં દિવાળી બાદ માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. જયારે સે-૧૭ અને સે-૧૯ ઉપરાંત સે-૨૭ થી ૩૦ માં પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે અન્ય બાકી રહેતા સેકટરોમાં પણ અમુક જગ્યાએ માર્ગોની હાલત હજુ પણ ખરાબ છે. ત્યારે આ મામલે જુના અને નવા સેકટરોમાં માર્ગોની દશાને અનુલક્ષી સર્વે હાથ ધરી બાકીનુ કામ પણ હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે. શહેરમાં કોરોના કાળ દરમિયાન તેમજ વરસાદી દિવસોમાં માર્ગ સુધારણાની કામગીરી સદંતર બંધ હતી જયારે છેલ્લા ઘણાં સમયથી બંધ માર્ગ સુધારણાનુ કામ દિવાળી બાદ હાથ ધરવામાં આવ્યુ છે. સે-૬ થી ૮ માં પણ આંતરિક માર્ગોનુ કામ શરૂ કરી દેવાયુ છે. ત્યારે સે-૧૭ અને સે-૧૯ ઉપરાંત સે-૨૭ થી ૩૦માં પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. નગરના મુખ્ય ગ માર્ગને સિકસલેન બનાવવા સહીત ટુંકમાં અન્ડર પાસની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે શહેરમાં માર્ગ સુધારણામાં બાકી રહેતા સેકટરો ઉપરાંત નવા સેકટરોમાં પણ હજુ કેટલાક વિસ્તારમાં માર્ગોના સરફેસીંગનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે સેકટરોમાં રહી જતા માર્ગોના કામો અંગે તંત્રએ એક સર્વે કરીને આગળ દરખાસ્ત કરવાની અનિવાર્યતા હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. કેટલાક ઠેકાણે ફુટપાથ જેવી હાલત જ રસ્તાઓની થઈ છે. વરસાદી પાણીમાં ધોવાણ થવાના લીધે માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. તો કેટલીક જગ્યાએ માર્ગ નિર્માણની કામગીરી બાકી છે.

આવતીકાલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ગુજરાતમાં

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે આગામી ૪ જાન્યુઆરીએ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાજી તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષજી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

તા. ૪ જાન્યુઆરીએ બપોરે ૩ વાગ્યે અમદાવાદ એરપોર્ટ ખાતે ભાજપા દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ ૪ વાગ્યે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાજી તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષજીની વિશેષ ઉપસ્થિતિમાં તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઇ પટેલની ઉપસ્થિતિમાં ભાજપાની પ્રદેશ બેઠક યોજાશે.

જિલ્લામાં કોરોનાના નવા ૧૮ કેસ

રાંદેસણની ૩ વર્ષની દિકરી સહિત ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ કેસ નોંધાયા : સે. ૭ માં ૪ કેસ તો સે. ૨ માં ૨ કેસ સહિત ૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૮ કેસ નોંધાયા છે. જેમાં ૧૦ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૮ કેસ શહેરમાંથી મળી આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાની ગતિ ધીમી પડી હોવાથી તંત્રએ રાહતનો દમ લીધો છે. આજે નોંધાયેલા કેસો કરતાં ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા વધુ છે. આજે ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસ ઝડપથી ઘટી રહ્યા છે. જો કે ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસો ઘટવાનું નામ નથી લેતા તેથી તંત્રને ચિંતા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૦ કેસમાં ૮ કેસ ગાંધીનગર તાલુકાના છે જ્યારે માણસા અને કલોલમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં રાંદેસણ ખાતે એક ૩ વર્ષની નાની દીકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ત્રણ મહિલા દર્દી નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર ૧ જ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૮ કેસ નોંધાયા છે. રાંદેસણ ગામેથી ૩ વર્ષની નાની દિકરી સહિત ૪ કેસ મળી આવ્યા છે. રાંધેજામાંથી પણ બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત મોટા ચિલોડા અને વલાદ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકાના બોરૂ ગામેથી ૬૭ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૫૧ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૭૨૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૯૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૬૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૭૯૮૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

૨ સિસ્ટમ સક્રિય થતા રાજ્યના વાતાવરણમાં પલટોઃ માવઠાંની શક્યતા

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમની અસરનો માર સહન કરવા માટે ફરી એકવાર તૈયાર રહેવું પડશે. એક સાથે ૨ સિસ્ટમ સક્રિય થતા વાતાવરણમાં પલટો આવી ગયો છે, જેના કારણે આજે અને કાલે અનેક જિલ્લામાં માવઠાંની શક્યતા દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગનું માનીએ તો અમદાવાદ, પંચમહાલ, દાહોદમાં માવઠાંની શક્યતા છે, આ સિવાય મહિસાગર અને અરવલ્લીમાં પણ માવઠું પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ૨થી ૪ જાન્યુઆરીએ બીજું એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ શકે છે. જે આ ટ્રફને વધુ મજબૂત બનાવતાં રાજ્યના અનેક જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે.

૨ જાન્યુઆરીના રોજ સાબરકાંઠા, પંચમહાલ, નર્મદા, મહીસાગર, અરવલ્લી, દાહોદમાં કમોસમી વરસાદ વરસી શકે છે. જયારે ૩ જાન્યુઆરીના રોજ પંચમહાલ, વડોદરા, આણંદ, અરવલ્લી, મહીસાગર, દાહોદમાં હળવો વરસાદ પડે તેની સંભાવના છે. તમને જણાવી દઈએ કે શુક્રવારની સાંજથી જ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઘટી છે.

તાપમાનમાં વધારો થતા ઠંડીમાં આંશિક રાહત મળી છે. પરંતુ સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ મોટી ઉથલપાથલ કરી શકે છે. નલિયામાં હજી પણ ૭.૨ ડિગ્રી તાપમાન છે. ૨૪ કલાક ઠંડીનુ પ્રમાણ થોડું ઓછું રહેશે. આગામી ૩ દિવસ દરમિયાન અમદાવાદમાં ૧૫ ડિગ્રીની આસપાસ સરેરાશ લઘુતમ તાપમાન રહે તેની સંભાવના છે.

મધ્ય અરબી સમુદ્રમાં સક્રિય થયેલી અને મહારાષ્ટ્રના દરિયાકાંઠેથી દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન તરફ આગળ વધી રહેલી સિસ્ટમ સાથે દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં સર્જાયેલી સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમની અસરથી અમદાવાદ ઉપરાંત પંચમહાલ, દાહોદ, મહિસાગર, અરવલ્લી જેવા વિસ્તારોમાં શનિવાર અને રવિવારે વરસાદ થવાની આગાહી છે.

જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનમાં ૧,૭૩,૧૪૬ બાળકોને આવરી લેવાશે

જિલ્લામાં ૭૪૪ બુથ ઉભા કરાશે : ૪ હજારથી વધુ કર્મયોગીઓ આ અભિયાનમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨

આગામી ૧૭મી જાન્યુઆરીએ યોજાનાર પલ્સ પોલિયો અભિયાનમાં જિલ્લામાં ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા ૧,૭૩,૧૪૬ બાળકોને આવરી લેવામાં આવશે.

ડીસ્ટ્રીક્ટ ટાસ્ક ફોર્સની બેઠક બાદ આ અંગેની વિગતો આપતાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી અને ડૉ. હરેશ નાયકે જણાવ્યુ હતુ કે આ અભિયાન માટેના માઈક્રો પ્લાનીંગને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

આ બન્ને તબીબી અધિકારીઓએ જણાવ્યુ હતુ કે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત જિલ્લામાં ૭૪૪ બુથ ઉભા કરવામાં આવશે. જેમાં દહેગામમાં ૧૭૨, ગાંધીનગરમાં ૨૫૫, કલોલમાં ૨૧૩ અને માણસામાં ૧૩૪ બુથનો સમાવેશ થાય છે.

ડૉ. નાયકે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧૨૦ જેટલી મોબાઈલ ટીમો પણ આ દિવસે કામ કરશે. જેમાં દહેગામમાં ૧૭, ગાંધીનગરમાં ૮૧, કલોલમાં ૧૫ અને માણસા તાલુકામાં ૭ ટીમો રહેશે.

પલ્સ પોલિયો અભિયાનમાં જિલ્લાના ૪ હજારથી વધુ કર્મયોગીઓ જોડાશે. પ્રથમ દિવસે છુટી ગયેલા બાળકોને ૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ ઘરે જઈ આવરી લેવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે આજની ટાસ્ક ફોર્સની બેઠકમાં એક પણ બાળક અભિયાનમાં વંચિત ન રહે તે માટે કલેક્ટરે ખાસ ભાર મુક્યો હતો. તેમણે બાંધકામ સાઈટો વધુ ચાલે છે તેવા સુઘડ, અડાલજ, ઉવારસદ પી.એચ.સી. વિસ્તારોમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરી શ્રમિકોના બાળકોને આવરી લેવા પર ભાર મુક્યો હતો. આ ઉપરાંત ઈંટોના ભઠ્ઠા પર કામ કરતા શ્રમિક પરિવારના બાળકો માટે

મોબાઈલ ટીમ અને અન્ય ટીમો દ્વારા આવરી લેવામાં આવે તેમ જણાવ્યુ હતુ.

ડૉ. સોલંકી અને ડૉ. નાયકે કહ્યુ હતુ કે આજની આ બેઠકમાં કોવિડ-વેક્સીનેશન અંગે પણ ચર્ચાઓ થઈ હતી. કોવિડ-વેક્સીનેશન માટેનું આયોજન પ્રાંત અધિકારીઓ સાથે પરામર્શમાં રહી તૈયાર કરવા પર તેમણે ભાર મુક્યો હતો.

જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનમાં ગત વર્ષે ૧ લાખ ૯૦ હજાર જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે ૮૫ ટકાથી વધુ બાળકોને તંત્ર દ્વારા આવરી લેવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ.

વનતંત્રએ દિપડાને અનુલક્ષી દહેગામના ગ્રામજનોને એલર્ટ મોડમાં રહેવા સુચના આપી

દહેગામના બહિયલ, બારડોલી કોઠી, કૃષ્ણનગર કોઠી અને ધમીજ સહીતના ગ્રામજનોને સતર્ક કરાયા : રાત્રિના સમયે ઘરની બહાર ન નિકળવા માટે પણ જણાવાયુ

ગાંધીનગર તા ૨

ગાંધીનગર જિલ્લાના બહિયલ ગામના કેનાલ વિસ્તાર પાસેના ઝાડી વિસ્તારમાં દિપડાએ દેખા દીધા બાદ દિપડાને કેદ કરવા માટે વનતંત્રએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. છેલ્લા બે દિવસથી દિપડો વનતંત્રના હાથમાં લાગ્યો નથી જયારે દિપડાને પકડવા માટે વનતંત્રએ સ્થળ પર મારણ સાથે પીંજાર પણ મુકી દીધા છે. જયારે આ વિસ્તારના ગ્રામજનોને વનતંત્રએ સતર્ક રહેવા પણ જણાંવાયુ છે. ગ્રામજનોને રાત્રિના સમયે ઘરની બહાર ન નિકળવા તેમજ બહાર ઉંઘવા માટે પણ જણાંવાયુ છે. વનતંત્રએ દિપડાને પકડવા માટે રાત્રિ પેટ્રોલીંગ પણ સઘન બનાવી દેવાયુ છે.

વન વિભાગની બોરીજ રેન્જ દ્વારા વિવિધ ગામોમાં જાહેર નિવેદન કરવામાં આવ્યુ છે જેમાં સ્પષ્ટ જણાંવવામાં આવ્યુ છે કે તા ૩૧ ડિસેમ્બર દરમિયાન રાત્રિના દિપડાના પગમાર્ક જોવા મળ્યા છે. જેથી ગામમાં ગ્રામજનો અને પશુપાલકોએ સતર્કતા દાખવવી અનિવાર્ય છે. આ વિસ્તારમાં દિપડાની હાજરી હોવાથી ગ્રામજનોએ રાત્રિના બહાર નહીં સુવા તેમજ એકલા બહાર ન નિકળવા માટે પણ જણાંવાયુ છે.

જયારે બહાર જવાનુ થાય તો બેટરી તેમજ અવાજ થઈ શકે તેવી વસ્તુઓ સાથે રાખવા પણ ગ્રામજનોને જણાંવ્યુ છે. જયારે વન્ય પ્રાણી દિપડાની હાજરી જોવા મળે તો વન કર્મચારી એચ કે નાયી મો ૯૯૦૪૯૦૩૩૭૧, બી એ ચૌધરી, મો ૯૨૬૫૮૪૩૪૪૧, જે કે વાઘેલા મો ૮૧૪૦૪૮૨૮૨૨ નો સંપર્ક કરવા પણ દહેગામના વન અધિકારીએ જણાંવ્યુ છે. દિપડાએ દેખા દેતા બારડોલી કોઠી, કૃષ્ણનગર કોઠી, તેમજ ધમીજ ખાતે જાહેર નિવેદન સ્વરૂપે વનતંત્ર દ્વારા ગ્રામજનોને સંપર્ક કરવામાં આવ્યા છે.

કેનાલ નજીકની ઝાડીઓમાં વનતંત્રએ પીંજરા મુકીને દિપડાને કેદ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરી છે. દિપડાને ઝડપથી કેદ કરવા માટે વનતંત્રએ સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યુ છે. નાઈટ પેટ્રોલીંગ પણ સઘન કરી દીધુ છે.

વેચવાની છે
ઈન્ડસઈન્ડ બેંક દ્વારા કબ્જો લીધેલ
AL DOST વેચવાનું છે
મોડલ-૨૦૧૯
GJ-18-BT-2840
INDUSIND BANK LTD.
૨૦૬, ગોલ્ડમાઈન જેવલ કોમ્પલેક્ષ, D-માર્ટ પાસે, સેક્ટર-૨૬, જીઆઈડીસી, ગાંધીનગર
મો. ૭૦૪૩૩ ૩૨૭૦૦

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com